# આચાર્યની શૈક્ષણિક સમસ્યાઓ અને ઉપાયો

આ અઠવાડિયામાં ખેડા જિલ્લાના આચાર્યના અધિવેશનમાં ઠાસરા મુકામે જવાનું થયું . આચાર્ય મિત્રો સાથે ચર્ચા કરવાની મજા આવી. કેટલાક આચાર્ય મિત્રોના ચહેરા પર પ્રફુલ્લિતતાના દર્શન થયા તો કેટલાક આચાર્યને ઉદાસી ઘેરી વળી હોય તેમ લાગ્યું. બે-ત્રણ મિત્રોએ તેમની હૈયા વરાળ પણ બહાર કાઢી. સ્વાભાવિક છે કે, પોતાની સમસ્યાના ઉકેલ બીજા પાસેથી જાણવાનો પ્રયત્ન કરે જ. કેટલાક મિત્રોની સમસ્યાનો ઉકેલ મારી પાસે નહતો, પણ સામાન્ય લાગતી કેટલીક એવી સમસ્યાઓ પણ હતી કે જેમાં સામાન્ય નિર્ણય કે વર્તનથી એ સમસ્યાઓ ઉકલી જાય કે હળવી બની જાય. અહીં આવી કેટલીક શૈક્ષણિક સમસ્યાઓની ચર્ચા કરીશું સાથે તેના શક્ય ઉપાયો પણ વિચારીએ.

આચાર્યની સામે મુખ્યત્વે બે પ્રકારની સમસ્યાઓ આવે છે. એક શૈક્ષણિક પ્રકારની અને બીજી વહિવટી. જોવા મળ્યા પ્રમાણે મોટાભાગના આચાર્યનો મોટાભાગનો સમય વહિવટ કરવામાં જ જાય છે. હકીકતમાં આચાર્યએ વહિવટ કરતાં શૈક્ષણિક બાબતોને વધારે પ્રાધાન્ય આપવાનું છે. જો વહિવટ માટે જ આચાર્યનું સર્જન કરવાનું હોત તો દસ વર્ષના અનુભવી શિક્ષકને ખતમ કરવાની જરૂર નથી. તે માટે એમ.બી.એ. થયેલ કે સી.એ. થયેલ વ્યક્તિની નિમણૂંક કરી શકાય. પણ આમ નહીં કરવા પાછળનો હેતુ દરેક આચાર્યએ સમજવા જેવો છે. જે આચાર્ય મિત્રો શૈક્ષણિક કરતાં વહીવટને વધારે પ્રાધાન્ય આપશે તેમના મોભામાં સતત ઘટાડો થતો જોવા મળશે. ખરેખર તો શૈક્ષણિક બાબતોને પ્રથમ સ્થાન આપવું જોઇએ અને વહિવટને બીજા ક્રમે રાખવો જોઇએ. આમ કરશે તે અચાર્ય શિક્ષક, વાલી, વિદ્યાર્થી અને સમાજમાં પ્રીતિપાત્ર બનશે. આચાર્યની સામાન્ય લાગતી પણ વધુ પ્રમાણમાં પરેશાન કરતી સમસ્યાઓ જોઇએ તો પ્રથમ આવે છે વિદ્યાર્થીના વર્તણૂંક અંગેની શિક્ષકો દ્વારા થતી ફરીયાદો. જેમકે, કોઇ વિદ્યાર્થી અનિયમિત રહેતો હોય, સતત મોડો આવતો હોય, ગૃહકાર્ય લાવતો ન હોય, પ્રવૃત્તિમાં ભાગ લેતો ન હોય, તોફાન કરતો હોય કે મારામારી કરતો હોય વગેરે. હકીકતમાં આવી બાબતોનો નિવેડો શિક્ષકે લાવવાનો હોય છે. તેની ફરીયાદ લઇને આચાર્ય પાસે જવાનું ન હોય. હા.. કોઇ શિક્ષક આવી બાબતો માટે માર્ગદર્શન લેવા આવી શકે. પણ હકીકતમાં બને છે એવું કે, આવી બાબતોમાંથી છૂટકારો મેળવવા કેટલાક શિક્ષકો આચાર્યને આવા કેસ સોંપી દેતાં હોય છે. વિદ્યાર્થીઓને લગતી અનેક ફરીયાદો દરરોજ આવતી જ હોય છે. ત્યારે આચાર્ય મિત્રોએ શિક્ષકને કેટલીક સ્વતંત્રતા આપી દેવી જોઇએ. શિક્ષક પર વિશ્વાસ રાખો પ્રોત્સાહિત કરો. પણ જે આચાર્યને બધું જ માંથે લઇને ફરવાની ટેવ હોય તે જ હેરાન થતાં હોય છે, પછી સ્ટાફરૂમમાં જઇને બરાડા પાડે કે, ભાઇ સમય જ નથી મળતો. અરે, ભાઇ વિદ્યાર્થીની આવી ફરીયાદો માથે લઇને ફરશો તો સમય ના જ મળે. આ માટે વિવિધ પ્રકારની સમસ્યાઓને ધ્યાનમાં રાખી શિક્ષકોની સમિતિ બનાવી દેવી જોઇએ. જેમાં શક્ય હોય ત્યાં વિદ્યાર્થીને પણ સહભાગી બનાવી શકાય. ઉદ્ભવતી શૈક્ષણિક સમસ્યાઓનો ઉકેલ જે તે સમિતિ જ લાવે. જેના નિર્ણયને આચાર્યે માન આપવું જોઇએ. આચાર્ય પોતે બધી જવાબદારી નિભાવવા જશે તો કોઇને સંતોષ આપી નહીં શકે. જવાબદારી સોંપતા શીખવું પડશે. કેટલકીક બાબતો સુપરવાઇઝરને પણ સોંપીને પોતાનો સમય બચાવતા શીખો.

અન્ય રીતે જોવા જઇએ તો આચાર્ય એટલે સમસ્યાઓથી ઘેરાયેલ વ્યક્તિત્ત્વ એમ પણ કહી શકાય. જેમકે, શાળામાં વિદ્યાર્થી સંખ્યા ઓછી હોય તો પણ તનાવ અને પ્રવેશ માટે ઘસારો હોય તો પણ તનાવ ! શાળાનું પરિણામ ઓછું આવે તો પણ આચાર્યને સરકાર અને સમાજ બંનેનું સાંભળવાનું. આચાર્ય પાસે શિક્ષણને

લગતી સમસ્યાઓ માત્ર વિદ્યાર્થીઓની જ નથી હોતી. શિક્ષકોની પણ હોય છે. જેમકે, કેટલાક શિક્ષકો નિયમિત પણે અનિયમિત આવતા હોય છે, તો કેટલાક શિક્ષકો વર્ગખંડમાં પૂરતો ન્યાય આપતા નથી, તો વળી કેટલાક મહારથી અગાઉથી જાણ કર્યા વગર જ રજા પર રહે, ક્યારેક ઈર્ષ્યાભાવથી શાળાની પ્રવૃતિમાં બહાના કાઢીને સહકાર ન આપે વગેરે. આવી બાાબતો આચાર્યને વધુ પરેશાન કરે છે. જેના ઉકેલ માટે નિયમ કરતાં નિષ્ઠાને વધુ પ્રાધાન્ય આપવું જોઈએ. આવી બાબતોમાં સરકારી નિયમો કરતાં સ્ટાફે નક્કી કરેલાં નિયમો વધુ કારગત નીવડે છે. આ માટે આપવા જેવી છૂટ અને નીભાવવા જેવી બાબતોનો નિર્ણય શિક્ષકો પર જ છોડવો જોઈએ. શૈક્ષણિક કાર્યની ઝડપી સફળતા માટે ભૌતિક સુવિધાઓ અગત્યનો ભાગ ભજવે છે. પ્રયોગશાળામાં પૂરતા સાધન ન હોય, કે ચાર્ટ્સ-નકશા ન હોય કે દીવાલ પડી ગઇ હોય કે શાળામાં મેદાન ન હોય તે માટે પણ ક્યારેક આચાર્યને જવાબદાર ઠેરવવામાં આવે છે. હકીકતમાં આર્થિક બાબતોમાં આચાર્ય જોઈએ તેટલા પ્રમાણમાં સ્વતંત્ર નથી કે નથી તેને જરૂરિયાત મુજબના તમામ ખર્ચ મળતા હોય. ક્યારેક તો ગ્રાન્ટને પાત્ર ન હોય તેવા ખર્ચ પણ અવશ્યપણે કરવા પડતા હોય છે. ત્યારે આચાર્યની હાલત કફોડી બની જાય છે. પરિણામે કેટલાક આચાર્ય તો પોતાના ગજવાના પૈસા કાઢીને સાચવી લેતા હોય છે. કેટલાક સંજોગોમાં સરકાર તરફથી સમયસર ગ્રાન્ટ નહીં મળવાથી કે સંચાલક મંડળની બેપરવાઇ ને કારણે આચાર્યને ઘણું સહન કરવાનું આવે છે. આવા સંજોગોમાં આચાર્યશ્રીએ સ્ટાફ અને સંચાલકમંડળને વિશ્વાસમાં લઈને સમાજનો સહકાર માંગવો જોઈએ. આમ કરતાં કેટલીક આર્થિક સમસ્યાઓ તરત જ ઉકેલાઇ જાય છે. આ સમયે આચાર્યનું વ્યક્તિત્ત્વ અગત્યનો ભાગ ભજવે છે. જો આચાર્યે પોતાની છાપ-છબી પારદર્શક અને બિનભ્રષ્ટાચારી તરીકેની ઉપસાવી હશે તો તેને સમાજમાંથી એક નહીં અનેક લોકો અને સંસ્થાઓ મદદ કરવા તૈયાર થશે.

આચાર્ય પાસે સત્તા તો હોય છે, તેણે સામર્થ્ય પણ વિકસાવવાનું છે. સત્તાના જોરે ધાર્યું બધું જ નહીં કરી શકો અને કરવા જશો તો અંતે નિષ્ફળતાના સંજોગો વધુ ઉભા થશે. શિક્ષકો સામે દાદાગીરી કરીને આચાર્યગીરી કરવાનો પ્રયત્ન નહીં કરવામાં જ ડહાપણ છે. કાયદા અને કારસ્તાનથી ક્યારેય સફળતા નહીં મળે. શિક્ષણ એક એવી બાબત છે કે જ્યાં નિષ્ઠા અને સહકાર જ તમને અને સંસ્થાને સફળ બનાવશે. અંતે બે બાબતો દરેક આચાર્યને ઘણું શીખવી જાય છે. પ્રથમ બાબત એ છે કે, તમારું બાળક જે શાળામાં અભ્યાસ કરતું હતું કે કરે છે તેના આચાર્ય પાસે તમે કેવી અપેક્ષા રાખો છો? શું તમે એવું વર્તન કરો છો? બીજી બાબત છે કે, તમે આચાર્ય બન્યા તે પહેલાં શિક્ષક હતા ત્યારે તમે શિક્ષક તરીકે તમારા આચાર્ય પાસે કેવી અપેક્ષા રાખતા હતા? તે અપેક્ષા અત્યારે સંતોષવા માટેના પ્રયત્નો કરો છો?